સુવિચાર : દુનિયાની અન્ય વસ્તુઓ ઠોકર વાગવાથી તૂટી જાય છે... પરંતુ સફળતા ઠોકર વાગ્યા પછી જ મળે છે... - જનકલ્યાણ

તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૮૭ | ૨૮ ડિસેમ્બર, ૨૦૧૫, સોમવાર ; માગશર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સ્ટાર્ટઅપ, સ્ટેન્ડઅપ ઈન્ડિયા એક્શન પ્લાન ૧૬મીએ લોન્ચ



## લોકપ્રિય મન કી બાત કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી : દેશના લોકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી : નવા વર્ષમાં દેશ અને દુનિયાને આતંકવાદથી મુક્તિ મળશે તેવી આશા વ્યક્ત કરી : ટેકનોલોજીથી રોજગારી

નવી દિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રેડિયો ઉપર પોતાના પસંદગીના કાર્યક્રમ મન કી બાતમાં દેશના લોકોને નવા વર્ષની શુભકામના આપી હતી. સાથે સાથે એવી જાહેરાત પણ કરી હતી કે, નવા વર્ષમાં ૧૬મી જાન્યુઆરીના દિવસે ભારત સરકાર સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા માટેના એક્શન પ્લાનને લોંચ કરી દેશે. મોદીએ આશા વ્યક્ત કરી હતી કે, નવા વર્ષમાં દેશ દુનિયાને આતંકવાદથી મુક્ત મળશે. મોદીએ આજે ૧૫મી વખત મન કી બાતમાં જુદા જુદા વિષયોને આવરી લઈને વાત કરી હતી. નવા વર્ષમાં હવે મન કી બાતમાં ફરીવાર લોકોને સંબોધશે.

મોદીએ કહ્યું હતું કે, હાલમાં જ અમે ક્રિસમસની ઉજવણી કરી ચુક્યા છે. નવા વર્ષના સ્વાગતની તૈયારીમાં લાગેલા છે. ભારત વિવિધતાઓના દેશ તરીકે છે જ્યાં તહેવારોની ભરમાર રહે છે. એક તહેવાર જતાની સાથે જ બીજા તહેવારો આવી જાય છે. એક રીતે દરેક તહેવાર બીજા તહેવારની ઉત્સુકતા જગાવીને જતા રહે છે. ગ્લોબલ વોર્મિંગ, આતંકવાદથી લોકોને રાહત મળે તેની જરૂર છે. મોદીએ જુદા જુદા વિસ્તારોમાં રહેતા લોકોના દાખલાઓનો ઉલ્લેખ કર્યો હતો. બીજી બાજુ સ્વચ્છતાના મુદ્દા ઉપર પણ મોદીએ વાત કરી હતી.

સ્ટાર્ટઅપના સંદર્ભમાં મોદીએ વાત કરતા કહ્યું હતું કે, ૧૫મી ઓગસ્ટના દિવસે લાલ કિલ્લા પરથી તેઓએ એક જાહેરાત કરી હતી. સ્ટાર્ટઅપ ઈન્ડિયા સ્ટેન્ડઅપ ઈન્ડિયાના સંદર્ભમાં કરી હતી ત્યારબાદ સરકારે આની શરૂઆત કરી હતી. સ્ટાર્ટઅપ કેપિટલ ભારત બની શકે છે કેમ તેની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. જુદા જુદા વિચારો રજૂ કરવાની લોકોએ શરૂઆત કરી હતી. સ્ટાર્ટઅપ ઈન્ડિયા યુવા પેઢી માટે એક સુવર્ણ તક લઈને આવી છે. ૧૬મી જાન્યુઆરીના દિવસે એક્શન પ્લાન લોંચ કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં દેશભરની આઈઆઈટી, આઈઆઈએમ, સેન્ટ્રલ યુનિવર્સિટી, એનઆઈટી જ્યાં જ્યાં યુવા પેઢી છે તે તમામને લાઈવ કનેક્ટીવિટી મારફતે જોડી દેવામાં આવશે. મોદીએ આ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, યુવા પેઢી નવી શોધ અને નવી વિચારધારા સાથે આગળ આવે તે જરૂરી છે. આ ઝુંબેશ મર્યાદિત શહેરો સુધી રહેવી જોઈએ નહીં બલ્કે દરેક જગ્યાએ પહોંચવી જોઈએ. રાજ્ય સરકારો આગળ આવીને મદદરુપ થાય તે જરૂરી છે. યુવા પેઢીની બુદ્ધિ શક્તિ રાજ્યો અને પોતાના વિસ્તાર સુધી મર્યાદિત નથી. દેશના દરેક વિસ્તારમાં કુશળ યુવાનો રહેલા છે તેમને તક મળવી જોઈએ. ૧૨મી જાન્યુઆરીએ વિવેકાનંદ જયંતિ છે જેમાં પણ કાર્યક્રમ થનાર છે.

# ડીડીસીએ મામલે દિલ્હી સરકારના તપાસ અહેવાલમાં જેટલીના નામનો ઉલ્લેખ નથી

## દિલ્હી સરકારે તપાસ કરવા જે પંચની રચના કરી હતી તે પંચે ૨૪૭ પાનાનો અહેવાલ તૈયાર કર્યો : જેટલી દ્વારા કોઈ જ ગેરરીતિ આચરવામાં આવી નથી : કેજરીવાલ અરૂણ જેટલીની માફી માંગે : ભાજપ

નવી દિલ્હી,તા. ૨૭

ભારે ચર્ચા જગાવનાર દિલ્હી એન્ડ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનની બાબતોમાં તપાસ કરવા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં દિલ્હી સરકાર દ્વારા રચવામાં આવેલા ત્રણ સભ્યોના તપાસ પંચના અહેવાલમાં કેન્દ્રીયમંત્રી અરુણ જેટલી સામે કોઈપણ પુરાવા નહીં મળતા ભાજપની મોટી રાહત મળી છે. આશ્ચર્યની બાબત એ છે કે, દિલ્હી સરકારના તપાસ અહેવાલમાં જેટલીના નામનો ઉલ્લેખ પણ નથી. આ અહેવાલમાં જેટલી દ્વારા ડીડીસીએના વડા તરીકે કોઈ ગેરરીતિ આચરવા અથવા તો છેતરપિંડીના કૃત્યોની વાત કરવામાં આવી નથી. ૨૪૭ પાનાનો અહેવાલ તૈયાર કરાયો છે. આ અહેવાલ આવ્યા બાદ હવે ભાજપે એએપી ઉપર આક્ષેપ કર્યા છે. દિલ્હીના મુખ્યમંત્રીએ જેટલીની જાહેરમાં માફી માંગવી જોઈએ તેવી માંગ પણ કરવામાં આવી છે. પત્રકાર પરિષદને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા એમજે અકબરે કહ્યું છે કે, તમામ એંગલથી કેજરીવાલે તપાસ કરાવી છે. હવે અરુણ જેટલીની કેજરીવાલ માફી માંગે તે સમય આવ્યો છે. બીજી બાજુ કેજરીવાલે ટ્વિટર પર ભાજપની ઝાટકણી કાઢી છે. ડીડીસીએ કૌભાંડને લઈને આપ સરકારે જેટલી પર ગંભીર આરોપ મૂક્યા હતા. દિલ્હી સરકારે ડીડીસીએ કૌભાંડની તપાસ માટે સમિતિ બનાવી હતી. આ સમિતિએ પોતાનો તપાસ રિપોર્ટ રજૂ કરી દીધો છે. સમિતિની તપાસમાં ડીડીસીએ

● અનુસંધાન પાન-૭ પર


હોટલ પથિકાશ્રમ

પાર્ટી પ્લોટ

લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ

• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)

98258 01780/82



ખોવાયેલ છે

શહેરના 'ચ' માર્ગ પર પોલીસ આવાસ ભવનથી ચ-૩ સર્કલની આસપાસથી ત્રણ વર્ષની ઉંમરનો કાળા કલરનો લાબ્રાડોર ડોગ - નામે ટાયગર ખોવાયેલ છે.

માહિતી આપનારને યોગ્ય ઈનામ આપવામાં આવશે.

મોબાઈલ : ૯૮૭૯૪ ૫૮૨૭૧
મોબાઈલ : ૯૩૭૭૬ ૩૦૧૦૧






